www.prepp.in

Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2019 MAINS PAPER A SEPTEMBER 28, 2019 GUJARATI COMPULSORY LANGUAGE QUESTION PAPER

# ગુજરાતી / GUJARATI

## ( ફરજિયાત ) / ( COMPULSORY )

| | |
|---|---|
| *સમય મર્યાદા : ત્રણ કલાક* | *મહત્તમ ગુણ : **300*** |
| *Time Allowed : **Three** Hours* | *Maximum Marks : **300*** |

---

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

*બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.*

*પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*પ્રશ્નના ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) આપવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.*

*પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

---

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

**Q1. નીચેનામાંથી કોઈ એક વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** *100*

(a) સર્જનાત્મકતાના પોષક શિક્ષણની આવશ્યકતા

(b) ભારતમાં વન્યજીવન સંવર્ધનના પડકારો

(c) કિશોરમાનસ પર ફિલ્મોની પ્રભાવાત્મકતા

(d) દિવ્યાંગોનું સશક્તિકરણ

**Q2. નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ અને સાચા ઉત્તર તમારી ભાષામાં લખો.** *12×5=60*

થોડા હજાર વર્ષ પૂર્વે આ પૃથ્વી પર મનુષ્ય કેવળ શિકારી હતો. નવપાષાણયુગ પર્યન્ત એણે ખેતીનો વિચાર સુદ્ધાં કર્યો નહતો. દૂર દૂર સુધી ભટકયા વગર જમીનની બરાબર માવજત કરીને તે પોતાના ભોજનની જરૂરિયાતોને પોષવા સક્ષમ બન્યો. કૃષિમાં સતત સુધારા-વધારા કરીને, અગાઉની તુલનામાં, આજે તે વધુ માતબર પાક મેળવી શકે છે. પરંતુ માછીમારીને લાગે-વળગે છે ત્યાં સુધી તે આજે ય મોટે ભાગે શિકારી જ છે. તે માછલીઓ અને અન્ય જળચરોને પકડે છે ખરો, પરંતુ તેની નિકાસ દ્વારા તે આ પ્રવૃત્તિને હજુ જોઇએ તેટલું પ્રોત્સાહન આપી શકયો નથી. અલબત્ત, આ જળશિકાર દ્વારા એને પર્યાપ્ત માત્રામાં અત્યંત પૌષ્ટિક પ્રોટીન પ્રાપ્ત થાય છે. પોષણનું પૂરક આ પ્રોટીન એને ભૂ-કૃષિ દ્વારા પ્રાપ્ત થાય છે. પરંતુ વૈશ્વિક સ્તરે થઈ રહેલા વસ્તીવિસ્ફોટને લીધે મનુષ્યને સમુદ્રમાંથી વિપુલ માત્રામાં અજસ્રપણે પ્રાપ્ત થતા પ્રોટીનની તાતી આવશ્યકતા ઊભી થઈ છે, પરંતુ જયાં સુધી એ સમુદ્ર-કૃષિ સ્વરૂપે પર્યાપ્ત માત્રામાં એને મેળવવાના પ્રયત્નો નહીં કરે તો એનાં ભયસ્થાનો સામે આવશે.

અગાઉ તળાવો અને સરોવરોમાં સફળતાપૂર્વક નાના ફલક ઉપર મત્સ્યપાલન કરવામાં આવતું હતું. ખાસ કરીને જળવિદ્યુત પરિયોજના માટે બાંધવામાં આવેલા બંધ દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવો દ્વારા આ કરવામાં આવતું. મીઠા પાણીના તળાવોમાં માછલીની ઉપજ દ્વારા પ્રોટીનની માત્રામાં વૃદ્ધિ થઈ છે. કૃષિ અધિકારીઓની દેખરેખ અને સહાય વડે કેટલાકે આનો વિકાસ ગ્રામીણ સમુદાયોમાં કર્યો છે.

એક વાર આ મત્સ્ય તળાવોને નાની નાની માછલીઓથી ભરી દેવામાં આવે તો એમાં માછલીઓને વિકસવા માટે તંદુરસ્ત વાતાવરણ મળી રહે અને તેમને પૂરતું ભોજન પણ મળી

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

રહે. મોટી સંખ્યામાં પાણીમાં તરતા સૂક્ષ્મ જીવો અને વનસ્પતિ-આ જલીય પ્રાણીઓનો મુખ્ય ખોરાક છે. નાની માછલીઓ એમને ખાય છે અને તેઓ મોટી માછલીઓનું ભોજન બની જાય છે. સૂક્ષ્મ જળચરો પાણીમાંનાં ખનીજ વડે વૃદ્ધિ પામે છે, તેથી પાણીમાં ખાતર નાખવાથી આ સૂક્ષ્મ જળચરોની સંખ્યા વધારી શકાય છે.

સામુદ્રિક ખેતી કરતાં પહેલાં જો કેટલીક સમસ્યાઓ ઉકેલી શકાય તો એ વ્યવહારુ તેમજ નફાકારક – એમ બંને રીતે શકાય બને. જેમકે, જો સમુદ્રના થોડા ભાગમાં ખાતર નાખવામાં આવે અને જો એ ખાતર માઈલોના માઈલો સુધી અનુત્પાદ્ય પાણી પર વિખરાઈને વેડફાઈ જાય તો એનો કશો અર્થ સરતો નથી. જોકે, મત્સ્યપાલક નિશ્ચિત જગા પૂરતું જ ખાતર સીમિત રાખે તો પણ એને 'પોતાના' વિસ્તાર સુધી આવી, ખાતર દ્વારા પોષાતી માછલીઓને રાખવાની યુક્તિ શોધવી પડશે. એણે પોતે કરેલ ખર્ચનું મહત્તમ વળતર મેળવવા માટે એણે એવી તરકીબ શોધવી પડશે જેના દ્વારા એ જે માછલીઓને ઉછેરવા માગે છે તેને પૂરતું ભોજન મળી રહે. અખાદ્ય જળજીવોના નિકાલની યુક્તિ અજમાવવાથી એમની માછલીઓના ભોજનમાં એ ખોટો ભાગ ન પડાવે.

પૃથ્વીની ત્રણ ચતુર્થાંશ સપાટીને આવરી લેતા સમુદ્રની વિશાળતાને જો નજર સમક્ષ રાખીએ તો સમજાશે કે આ સમસ્યાઓનો ઉકેલ એટલો આસાન નથી. પેલાં તળાવો અને સરોવરોની સરખામણીએ સમુદ્રનાં જળ સતત ગતિશીલ હોય છે. આવા પ્રશ્નોનું નિરાકરણ મોટે ભાગે ધીરે ધીરે થતું હોય છે. નજીકના ભવિષ્યમાં મનુષ્ય ઉપદ્વીપોનાં નજીકના ઉપતટીય પાણીમાં નાનાં ફલક પર મત્સ્યઉછેર શરૂ કરી શકશે. જે માછલીઓને એ સંઘરવા માગે છે એને માટે થોડાક જળવિસ્તારને તે આવરી લેશે. પોતાની માછલીઓના ભોજનને ઓહિયાં કરનારાં અવાંછનીય જળચરોનો નિકાલ કરી શકશે. જરૂર જણાય ત્યારે એને ખાતર નાખી શકાશે અને અંતે સમયે સમયે મોટી માછલીઓનો પાક લણી શકાશે.

(a) શિકારની તુલનામાં ખેતી કઈ રીતે લાભદાયી છે અને ભવિષ્યમાં સામુદ્રિક ખેતી શા માટે આવશ્યક બનશે ? 12

(b) મત્સ્યઉછેરમાં ખાતરની ભૂમિકા કેવી હોય છે ? 12

(c) સમુદ્રના કયા ભાગમાં મત્સ્યઉછેરનો પ્રારંભ કરી શકાશે ? 12

(d) 'નિકાલ' નો અર્થ આપ શો કરશો ? 12

(e) સામુદ્રિક ખેતીની સમસ્યાઓનું ભવિષ્યમાં નિરાકરણ કેવી રીતે થઈ શકશે ? 12

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q3.** **નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ લગભગ એક તૃતીયાંશ શબ્દોમાં, તમારાં શબ્દોમાં લખો. શીર્ષક આપવાની જરૂર નથી.** *60*

ભારતની ગ્રામીણ વસ્તીનો પ્રસાર વ્યાપક છે. તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ અને તેમનાં જીવનધોરણ માટે ગ્રામીણ માળખામાં સર્વવ્યાપી વિકાસની આવશ્યકતા છે. એના વડે સમાન અને પરસ્પરમાં સમાવિષ્ટ વિકાસના દીર્ઘકાલીન હેતુ પ્રાપ્ત કરી શકાશે. ગ્રામીણ માળખાકીય ક્ષેત્ર માટેનું અગત્યનું ઘટક છે પેય જળનું આયોજન. પાણી એ નિ:શંકપણે મહત્ત્વનું સાર્વત્રિક ઘટક છે. નાગરિકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, પાણીના માળખાકીય સુવિધાના નિર્માણ માટે સાર્વજનિક રોકાણની આવશ્યકતા છે. જળસુરક્ષિત રાષ્ટ્ર પોતાના નાગરિકોને કેવળ શુદ્ધ અને સુરક્ષિત પેયજળ પૂરું પાડે એટલું પર્યાપ્ત નથી પરંતુ એક સ્વસ્થ અને આર્થિક દૃષ્ટિએ ઉત્પાદક સમાજની હૈયાધારણ પણ આપે. જો કે, ભારતીય વ્યાપક ગ્રામીણ વસ્તીની પેયજળની આવશ્યકતાને સંતોષવી એ કઠિન પડકાર છે. પેયજળ વિતરણ સુવિધા, સામાજિક-આર્થિક વિકાસનો નીચલો દર, શિક્ષણની અછત અને પાણીના ઉપયોગ અને ઉપભોગ વિષેની જાગૃતિમાં ઉણપ નજરે પડે છે.

બંધારણની કલમ 47 સાર્વજનિક સ્વાસ્થ્યને સુધારવા માટે સુરક્ષિત પેયજળ પૂરું પાડવા પર ભાર મૂકે છે. શુદ્ધ પેયજળના વિતરણથી રોગો અને આપત્તિઓના પ્રસંગો ઓછા થઈ જશે તેમજ જીવન સ્તરને વધારે સારું બનાવવામાં મદદ કરે છે. દેશની કરોડોની વસ્તીનું એકંદર સ્વાસ્થ્ય સુધારવા માટે સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી તથા સ્વચ્છતા માટેની વ્યવસ્થા વધારે મહત્ત્વપૂર્ણ છે.

સાતત્યપૂર્ણ વિકાસ પાણીની જરૂરિયાત અને સ્વચ્છતાના સાતત્યપૂર્ણ આયોજનને નિશ્ચિત કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. 22 માર્ચે ઉજવાતા 'વિશ્વ જળદિવસનું' આ વર્ષનું વિષયવસ્તુ હતું – 'કોઈ પણ બાકી ન રહી જાય.' સુરક્ષિત પેયજળના સંદર્ભે આ એનું તાત્પર્ય છે.

સરકાર ગ્રામીણ લોકોને સુરક્ષિત પેયજળ આપવાની વાત પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ ક્ષેત્રે ઊભા થતા પડકારોને પહોંચી વળવા જે તે સમયે એ માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. ગ્રામ્ય જળવિતરણ યોજનાઓ અને ભૂગર્ભ જળ પુનર્સંચલન હેતુઓ માટે પૂરતું ભંડોળ આપવામાં આવે છે જેથી તેના સંચલન અને જાળવણીના હેતુઓ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

પાર પાડી શકાય. અન્ય પગલાંમાં વરસાદી જળસંચયનો સમાવેશ થાય છે. – જે ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત પેયજળ વિતરણના ઘટકોમાંનું સૌથી મહત્ત્વનું ઘટક બની શકે. કૃત્રિમ પુનર્સંચલન અને વરસાદી જળસંચયના ઢાંચાને ઘડવા માટે સરકાર માસ્ટર પ્લાન માટે કાર્યરત છે. આપણા પ્રાચીન પરંપરાગત જ્ઞાન અને પ્રજ્ઞાથી પ્રેરિત સફળતાની આવી અનેક કથાઓ આપણને ભારતમાં જોવા મળે છે. 2001 માં તામિળનાડુ સરકારે વરસાદી જળસંચયના આંતર માળખાને પ્રત્યેક નાગરિક માટે ફરજિયાત બનાવ્યું હતું. વરસાદી જળસંચયનો આવો જ પ્રયોગ બેંગ્લોર અને પૂણેની સોસાયટીઓના લોકો માટે કરવામાં આવ્યો હતો. અન્ય રાજ્યોમાં પણ આવાં પગલાં લેવામાં આવ્યાં હતા.

ભૂગર્ભ જળનો અતિ ઉપયોગ એ ભારતની જટિલ સમસ્યા છે. એને રોકવા માટે રાજ્ય સરકારો દ્વારા નિયમનતંત્રની આવશ્યકતા છે. ગંભીરપણે પ્રભાવિત થયેલા ક્ષેત્રોમાં કૂવાઓના વારંવાર થતા ખોદકામ ઉપર પ્રતિબંધ લાદવો જોઈએ. પેયજળ વિતરણ યોજનાઓને કાર્યાન્વિત કરવા માટે પંચાયતી રાજની સંસ્થાઓનું યોગદાન વધારવાની જરૂર છે. હાલમાં, પંચાયતી રાજની, સંસ્થાઓની ભૂમિકા ઘણી ઓછી છે. ગ્રામીણ સમુદાયો, સ્વાયત્ત સંસ્થાઓ અને સુવિધાપ્રેરક તેમજ સહ-આર્થિક સહાયકરૂપે સરકાર વચ્ચેની ભાગીદારી સફળ પુરવાર થઈ છે. આપણે એ ભૂલવાનું નથી કે ગ્રામ્ય વિસ્તારોમાં પેયજળની પ્રાપ્તિ અને વહેંચણીને વધારવા માટે આપણે ગ્રામીણ સમુદાયોની સક્રિય ભાગીદારીથી પાણીના ન્યાયસંગત સંરક્ષણ અને ઉપયોગ માટે દરેક પ્રકારના પ્રયત્નો કરવાની જરૂર છે.

સમુદાયની ભાગીદારીથી સંચાલન અને નિર્વાહના આર્થિક વ્યવહારો વૃદ્ધિ પામે છે. અંતર્નિહિત સામુદાયિકતાને લીધે બહેતર નિર્વાહ અને તૈયાર કરવામાં આવેલી પદ્ધતિનો વ્યાપ વધે છે. સમુદાયની ભૂમિકા માત્ર પેય જળસ્રોતોની સ્વચ્છતા જાળવવાની જ નથી પરંતુ એને માટેની પદ્ધતિઓ અને સાધનોને પણ સુધારવાના છે; જેમાં પાણીનો સંગ્રહ અને ઉપયોગ કરતી વખતે એને પ્રદૂષણથી બચાવી શકાય એ રીતે પાણીનો સંચય કરવાનો રહે છે.

ગ્રામીણ ક્ષેત્રોમાં આ યોજનાઓના પ્રભાવક અમલીકરણ માટે પંચાયતી રાજની સંસ્થાઓ, સહાયતા સમૂહ અને ગ્રામીણ વિસ્તારોની સહકારી સમિતિઓની સક્રિય ભાગીદારીની માગણી કરવામાં આવે છે, જેથી 2030 સુધી દીર્ઘકાલીન સ્થાયી નિરાકરણ તથા 'પ્રત્યેક ઘર જળ' ના વિભાવને સાકાર કરી શકાય. (આશરે 543 શબ્દો)

**Q4.** નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો. *20*

જ્યારે કોઈ વ્યક્તિ પોતાને જુએ છે ત્યારે તે મોટે ભાગે પોતાને ખોટી રીતે મૂલવે છે. તે કેવળ પોતાના હેતુઓને જ જુએ છે. મોટા ભાગના લોકોના હેતુઓ સારા હોય છે તેથી તેઓ પોતે જે કંઈ કરે છે તેનું પરિણામ સારું જ આવશે એવું માનતા હોય છે. પોતાનાં કાર્યોને વસ્તુલક્ષી બનીને મૂલવવાનું વ્યક્તિ માટે મુશ્કેલ હોય છે તેથી, મોટે ભાગે તેમના ઉમદા હેતુઓમાં વિરોધાભાસ જણાય છે. મોટા ભાગના લોકો કામ કરવાના ઉદ્દેશથી કામ કરતા હોય છે. કેટલાક પોતાની અનુકૂળતા મુજબ અને સંતોષની ભાવના સાથે સાંજે ઘેર પહોંચવાની વૃત્તિ સાથે કામ કરતા હોય છે. તેઓ પોતાની કામગીરીને મૂલવવાને બદલે કેવળ તેમના હેતુઓને જ મૂલવે છે. એવું મનાય છે કે વ્યક્તિ પોતાનું કામ સમયસર પૂરું કરવાના ઉદ્દેશથી કાર્ય કરે છે, જો વિલંબ થાય તો એની પાછળનાં કારણો એના પોતાના હાથમાં હોતા નથી. વિલંબ થવા પાછળ એનો કોઈ ઉદ્દેશ હોતો નથી. પરંતુ એની સક્રિયતા કે સક્રિયતા વિલંબ માટે કારણભૂત હોય તો શું એ હેતુપૂર્ણન કહેવાય ?

સમસ્યા એ છે કે આપણે મોટે ભાગે જીવન સાથે સંકળાઈને કામ કરવાને બદલે જીવનનું પૃથક્કરણ કરતા હોઈએ છીએ. લોકો કારણો અને તેની અસરો માટે તેમની નિષ્ફળતાઓનું પરીક્ષણ કરે છે પરંતુ મહદંશે એની સાથે જ સંકળાઈને એમાં જ પ્રભુત્વ મેળવી લે છે અને એની પુનરાવૃત્તિને આ રીતે ટાળે છે. આપણી ભૂલો અને પ્રશ્નો દ્વારા ઈશ્વર આપણને સુધરવા-વિકસવાની તક પૂરી પાડે છે. આથી જ્યારે તમારી આશાઓ, સ્વપ્નો અને સંકલ્પો ધૂળધાણી થઈ જાય છે ત્યારે એ ભંગારમાંથી કશુંક શોધો, એ ભંગારમાં દટાયેલી સોનેરી તક તમને મળી શકશે.

લોકોને પ્રેરવા માટે તેમની કાર્યાન્વિતતામાં વૃદ્ધિ કરવી અને તેમની હતાશાને ખંખેરવી એ બધા નેતા માટે હમેશા પડકારરૂપ રહ્યું છે સંગઠનોમાં ફેરફાર લાવવા માટે એક નેતા પ્રતિકાર અને સ્વીકારની વચ્ચે સમતુલા સાધે છે.

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**Q5.** નીચેના અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો : *20*

Freedom has assuredly given us a new status and new opportunities. But it also implies that we should discard selfishness, laziness and all narrowness of outlook. Our freedom suggests toil and the creation of new values for old ones. We should so discipline ourselves as to be able to discharge our responsibilities satisfactorily. If there is any one thing that needs to be stressed, it is that we should put in action our full capacity, each one of us in productive effort — each one of us in his own sphere, however humble. Work, unceasing work, should now be our watchword. Work is wealth, and service is happiness. The greatest crime today is idleness. If we root out idleness, all our difficulties, including even conflicts, will gradually disappear. Whether as constable or high official of the state, whether as businessmen or industrialist, artisan or farmer, each one is discharging the obligation to the state, and making a contribution to the welfare of the country. Honest work is the anchor to which we should cling if we want to be saved from danger or difficulty. It is the fundamental law of progress.

**Q6.** **(a)** **નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો.** *2×5=10*

(i) દીવા તળે અંધારું *2*

(ii) ખાળે ડૂચા, દરવાજા ખુલ્લા *2*

(iii) સાત કોઠે દીવા થવા *2*

(iv) લોઢાના ચણા ચાવવા *2*

(v) હાથનાં કર્યાં હૈયે વાગ્યાં *2*

**(b)** **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** *1×5=5*

(i) એક સાથે હજાર કામ કરી શકે તે *1*

(ii) જેણે ઈન્દ્રિયો પર કાબૂ મેળવ્યો છે *1*

(iii) જેને જળ સ્પર્શી શકતું નથી *1*

(iv) જે પદાર્થને જોઈ કે પકડી શકતો નથી *1*

(v) મૃત્યુપ્રસંગે ગવાતાં ગીત *1*



Prepp Your Personal Exam Guide

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**(c)** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. *1×5=5*

(i) ઉષ્ણ *1*

(ii) મૂર્ત *1*

(iii) ધવલ *1*

(iv) ઉષા *1*

(v) સાત્ત્વિક *1*

**(d)** નીચેના શબ્દોની જોડણી સુધારો. *1×5=5*

(i) જીગીશુ *1*

(ii) કૂતુહલ *1*

(iii) નુપૂર *1*

(iv) વીર્દ્યાથી *1*

(v) પુંમડૂ *1*

**(e)** નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો. *1×5=5*

(i) જીભ *1*

(ii) પવન *1*

(iii) આંખ *1*

(iv) કમળ *1*

(v) જળ *1*

**(f)** નીચેની કહેવતોનો અર્થ આપો. *2×5=10*

(i) જીવતો નર ભદ્રા પામે *2*

(ii) એક નૂર આદમી હજાર નૂર કપડાં *2*

(iii) કૂતરું તાણે ગામ ભણી, શિયાળ તાણે સીમ ભણી *2*

(iv) ના મામા કરતાં કાણા મામા સારા *2*

(v) રામ રાખે તેને કોણ ચાખે ? *2*